

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*બેકાબૂ બની પ્રતિબંધોના ઘોડા છૂટયા છે,*
*બાંધ્યા'તા માંડ ઘર-ખંધે વૃષભો છૂટયા છે,*
*છૂટયા છે નિયમો અને દંડના બંધનથી-*
*છે ત્રીજીની વાટે બીજીની ધાકથી છૂટયા છે.*

**હાઈકુ**

*બેફામ ગીર્દી*
*અને લાપરવાહી*
*છે નિમંત્રણ!!*
*(ચેપના યમરાજને)*

*લ્યો બેકારીની-*
*છટકી છે કમાન*
*કરો કમાણી-*
*(આવી છે દિવાળી)*

### ચિંતન

**ધર્મૈતત્તે પુરીષં તેન વર્ધસ્વ ચા ચ પ્યાયસ્વ ।**
**વર્ધિષીમહિ ચ વયમા ચ પ્યાસિષીમહિ ॥**

ઉપરોક્ત શ્લોક યજુર્વેદમાંથી લેવામાં આવેલ છે.

હે મનુષ્યો! જે રીતે પરમાત્મા સર્વત્ર સમાઈ જઈને બધાનું રક્ષણ તથા પોષણ કરે છે, તેજ પ્રમાણે તમે પણ શ્રેષ્ઠતા પ્રાપ્ત કરીને બધા જીવોનું રક્ષણ અને પોષણ કરો.

પ્રગતિની મહેચ્છા અને લાલસાઓની પૂર્તિ બંને જુદી જુદી બાબતો છે. બંનેનું સામાન્ય સ્વરૂપ એકસરખું દેખાય છે, પણ ઝીણવટથી જોતાં બંનેમાં આકાશ પાતાળ જેટલો તફાવત છે. પ્રગતિ વ્યકિતત્ત્વને પ્રગટાવે છે, પ્રતિભાને નિખારે છે તથા યોગ્યતાને વધારે છે. એનો અર્થ એ છે કે એવી ક્ષમતાનો વિકાસ કરવો જે, શરીર, મન, કાર્ય તથા સ્વભાવને તંદુરસ્ત, સ્વચ્છ તથા સુવિકસિત બનાવી શકે. આ જ વાસ્તવિક પ્રગતિ છે. આવું નિખરેલું વ્યકિતત્વ જ સાહસિક કદમ ભરવાની હિંમત કરવામાં અને ચમત્કારી સિદ્ધિઓ પ્રાપ્ત કરવામાં સમર્થ હોય છે.

પ્રગતિનો ખરો અર્થ છે. શુદ્ધ શરીર અને મનના આધારે સુવિકસિત વ્યકિતત્ત્વનું નિર્માણ કરવામાં સફળતા પ્રાપ્ત કરવી, પ્રગતિથી મનુષ્યમાં તેજસ્વિતા અને શ્રેષ્ઠતાનો ઉદય થાય છે, તે દૈવી ગુણોથી પરિપૂર્ણ થઈને દેવતા સમાન પ્રકાશવાન બને છે.

### સુવિચાર

- લાંચ, રૂશ્વત, બેઈમાની, બેવફાના દોરમાં, જિંદગી મુજરો કરે છે, જુઠની મહેફિલમાં - **હર્ષદ પંડયા**
- તક બારણું ખખડાવે, પણ દરવાજો તો આપણે જાતે જ ખોલવો પડે.
  જિંદગી તો રાહ જ જુએ છે, જીવવાનું આપણે શરૂ કરવું પડે - **ક્રિષ્નકાંત ઉનડકટ**
- લગ્ન પહેલાંની દોસ્તીમાં કદાચ વાસના હોઈ શકે, પણ લગ્ન પછીની દોસ્તીમાં તો માત્ર પ્રેમ જ હોય. - **કાજલ ઓઝા વૈદ્ય**
- જેની સાથે કંઈ જ લાગતું વળગતું ન હોય એનાથી વિચલિત થઈએ ત્યારે આપણે આપણો જ મૂડ બગાડતા હોઈએ છીએ. - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસ પાસે બેંક 'બેલેન્સ' થવા માંડે.... ત્યારે સંયમ 'ઈમ્બેલેન્સ' થવા લાગે છે. - **રોહિત શાહ**
- શ્રીમંત હોવું, ગરીબ હોવું કે કોઈ પણ જ્ઞાતિના હોવું... એ તો એક અકસ્માત છે, મહત્વનું છે એક માણસ હોવું - **મોરારિબાપુ**
- આજનું ઔષધ : પાકા ટામેટા શેરડીના રસમાં ઉકાળી બે ચમચી સવાર-બપોર-સાંજ લેવાથી પાંચનતંત્રના રોગોમાં તરત ફાયદો થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

તક્ષશિલા વિદ્યાપીઠના ચાણકયએ ત્રણ શિષ્યોનું પરીક્ષા લેવાનું નક્કી કર્યું. આચાર્ય વિષ્ણુગુપ્તે પોતાના ત્રણે શિષ્યોને વાંસની ટોપલી આપી અને કહ્યું કે આમાં પાણી ભરીને લઈ આવો. એ પાણીથી મારે ગુરુકુળમાં સફાઈ કરવી છે. આચાર્યની આજ્ઞા સાંભળીને શિષ્યો વિચારમાં પડી ગયા. વાંસની ટોપલીમાં પાણી ભરીને લાવવું એ તો અસંભવ હતું. ગમે તેટલું પાણી ભર્યું હોય તો પણ એનાં છિદ્રોમાંથી નીકળી જાય. ગુરુની આજ્ઞા માનીને શિષ્યો નદીના કિનારે ગયા ખરા, વાંસની ટોપલીમાં પાણી ભરીને લાવ્યા, પણ પાણી તો બધું એ ટોપલીમાંથી બહાર નીકળી ગયું.

એક શિષ્યને પોતાના ગુરુ પ્રત્યે અગાધ નિષ્ઠા હતી તેથી એ વારંવાર ટોપલી પાણીમાં નાખવા લાગ્યો. એ મનમાં વિચારતો હતો કે ગુરૂદેવે આપેલી આજ્ઞાની પાછળ કોઈ મર્મ હશે. એ મર્મ પામવો જોઈએ. માત્ર નિરાશ થયે કશું ન વળે.

આ રીતે સવાર થી સાંજ સુધી એ વાંસની ટોપલીમાં પાણી ભરતો રહ્યો અન ધીરે ધીરે એ વાંસ ફૂલતા ટોપલીમાંના છિદ્રો બંધ થઈ ગયા. પરિણામે સાંજે એ ટોપલીમાં પાણી ભરીને આચાર્ય પાસે આવ્યો ત્યારે વિષ્ણુગુપ્તે પોતાના અન્ય શિષ્યોને કહ્યું, 'મેં તમને અશકય લાગે તેવું કાર્ય સોંપ્યું હતું. પરંતુ એને શકય કરવા માટે વિવેક, ધૈર્ય, લગની અને અવિરત પ્રયાસની જરૂર હતી. સખત પરિશ્રમ અને દઢ સંકલ્પબળથી અશકય લાગતું કાર્ય પણ શકય બને છે અને તેથી કોઈ પણ કાર્ય કરતી વખતે હિંમત અને ધીરજ રાખવી.'

# કોરોના છદ્મવેશે હુમલો કરી શકે છે

**તંત્રીસ્થાનેથી...**

રજવાડાંના જમાનામાં દુશ્મન રાજા ક્યારે ચઢી આવે એની સતત દહેશત રહ્યા કરતી હતી. એથી રાજધાનીનાં નગરોની ફરતે ઊંચા કિલ્લા બનાવી સુરક્ષિત રહેવાનો પ્રયાસ થતો. આપણાં દરેક મોટાં શહેરોની આજુબાજુ આવા 'ફોર્ટ' કે કોટ હતા. નગર કિલ્લાની બહાર વિકસે તો પણ રાજા તો એ કિલ્લેબંધીમાં જ રહેવાનું પસંદ કરતા. ભુજના ડુંગર પર કે જોધપુર અને જયપુરના પહાડી વિસ્તારમાં આવા કિલ્લાઓ આજે પણ અકબંધ છે અને હવે એ પ્રવાસન સ્થળોમાં ફેરવાઈ ગયા છે. પાટણપતિ સિદ્ધરાજે રાણકદેવીના સૌંદર્યનાં વખાણ સાંભળી જૂનાગઢને બાર બાર વરસ સુધી ઘેરો ઘાલ્યો હતો અને છેવટે રા'ખેંગારને મારીને રાણકદેવીને કબજે કરવા કોશિશ કરી હતી. કોરોના પણ એવાં હઠીલાં રજવાડાંની જેમ દુનિયાની ફરતે ઘેરો ઘાલી બેઠેલો લોહી તરસ્યો વાઈરસ છે. એની સામે માનવજાત પૂરી તાકાત સાથે ટક્કર લઈ રહી છે. પણ એને પેલા પૌરાણિક રાક્ષસ જેવું જીવતદાનનું વરદાન મળેલું છે. રામ રાવણનાં માથાં કાપી કાપીને થાક્યા તોય જ્યાં સુધી એની નાભિમાં તીર ના લાગ્યું ત્યાં સુધી એ મરાયો નહોતો. એવું જ કંઈક આ કોરોના નામના અદૃષ્ટ રાક્ષસ સબબ થયું છે. ભારતને છેલ્લી સદી દરમિયાન આવો મરણતોલ ફટકો ક્યારેય પડ્યો નહોતો. પ્લેગ કે દુષ્કાળ સીમિત વિસ્તારો પૂરતા સપાટો બોલાવતા હતા. કોરોનાએ ચક્રવર્તી સમ્રાટની જેમ આખી દુનિયાને ઘમરોળી અને રગદોળી નાખી છે. આપણા દેશમાં સૌથી વધુ માર મહારાષ્ટ્રને પડ્યો છે. માંડ અનલૉક પ્રક્રિયા શરૂ થઈ હતી ત્યાં ડેલ્ટા વેરિયંટ સ્વરૂપે કોરોનાએ માથું ઊંચકીને ઉદ્ધવ ઠાકરેની ઊંઘ હરામ કરી નાખી છે. ગુજરાતમાં પણ ડેલ્ટા વેરિયંટ કાળો કેર વરતાવી શકે છે. હજી બીજું વેવ પૂરું સમાપ્ત નથી થયું ત્યાં ત્રીજા વેવનાં ડાકલાં વાગવા લાગ્યાં છે. એટલે જાગતા રહેવાની જરૂર તો છે જ કોરોનામાં તમામ સ્વરૂપો સામે ભારતીય મૂળની રસીઓ અસરકારક હોવાનો રિપોર્ટ આશ્વાસન જરૂર પ્રેરે છે, પરંતુ આવડા મોટા દેશમાં હર્ડ ઈમ્યુનિટી આવે એટલું વ્યાપક રસીકરણ ધારીએ એટલા ટૂંકા ગાળામાં શક્ય જ નથી. એ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો સક્રિય જરૂર બનેલ છે, પણ ખરી સક્રિયતા તો પ્રજા પક્ષે હોવી જરૂરી છે. અનલૉક પ્રક્રિયા શરૂ થતાંની સાથે જ એવી ને એવી ભીડ અને કોરોના પ્રોટોકોલના ધજાગરા ઊડતા જોવા મળે છે, ત્રીજું વેવ આવે એ પહેલાં આગોતરી વ્યવસ્થા કરવા કેન્દ્ર અને રાજ્યોને સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો છે. ઑક્સિજન, બેડ, વેન્ટિલેટર અને દવાઓનો આગોતરો સ્ટૉક હશે તો ત્રીજા વેવમાં બીજા વેવ જેવી વ્યાપક જાનહાનિ નિવારી શકાશે. વળી ત્રીજું વેવ બાળકોનો ભોગ લે એવી દહેશત પણ વ્યક્ત થઈ રહી છે. સરકાર માટે શિક્ષણ વ્યવસ્થા પાટા પર લાવવાનો પડકાર પણ નાનો સુનો નથી. શાળા-કૉલેજો ખોલવી છે પણ દરવાજા આગળ જ કોરોના વેશ બદલીને નહીં બેઠો હોય એની શી ખાતરી છે ? એ સંજોગોમાં ઑનલાઈન બખડજંતર જ ચાલુ રાખવાની ફરજ પડી શકે છે. કોરોનાએ ઉદ્યોગપતિઓની કમાણી વધારી આપી છે; ફ્રી વેક્સીનેશન મુદ્દે ઉપરના આદેશાનુસાર નેતાઓને જશ અપાવતાં હોર્ડિંગ્સ યુનિવર્સિટીઓનાં ભવનો પર લટકાવી દેવાયાં છે, પણ કાલ કોણે દીઠી છે ? આવા સંજોગોમાં પાછા ધર્માધ્યક્ષો રથયાત્રા કાઢવાની હઠે ચડ્યા છે. સરકાર એમને પણ નારાજ કરી શકે એમ નથી. ચૂંટણીઓ પણ આવતી જ રહેવાની છે, સત્તા બચાવવા અને ગુમાવેલી સત્તા મેળવવાના ઉધામા ચાલુ રહેવાના છે. કોરોના ચૂંટણીનો મુદ્દો બની ગયેલ છે. કોરોનાને હિંદુસ્તાનનું વાતાવરણ અને રાજકારણ અનુકૂળ આવી ગયું છે. કોરોના પણ આપણા મહાન નેતાઓ જેવો જ પ્રખર રાજકારણી બની ગયેલ છે. ફરક એટલો જ કે એ ભાષણબાજી નથી કરતો. એ મૂંગો મૂંગો પોતાનું સામ્રાજ્ય વિસ્તાર્યા કરે છે, એના પરમ મિત્ર ચીનના શી જિન પિંગની જેમ!

# જો માણી શકો તો સહજીવનનો મજેદાર પ્રવાસ છે !



**આરપાર**

રાઘવજી માધડ

એક દંપતીએ લગ્નની પચ્ચીસમી વર્ષગાંઠ ધામધૂમથી ઉજવી. તેમનું કહેવું હતું: 'અમે લગ્ન તદ્દન સાદાઈથી કર્યા હતા.' લગ્નજીવનની વેલિડીટી ઓછી થવામાં છે ત્યારે આવા ઉદાહરણ ઉપકારક નીવડશે.

લગ્નને જિંદગીનો જુગાર કહ્યો છે.પણ લગ્નએ મહત્વની સામાજિક જરૂરિયાત તરીકે વિશ્વના દરેક સમાજે સ્વીકારેલી મૂળભૂત ને પાયાની સામાજિક સંસ્થા, વ્યવસ્થા છે. લગ્નનું આવશ્યક તત્વ એ છેકે તેમાં સ્ત્રી-પુરુષ એક સ્થાયી સંબંધમાં પ્રવેશીને પોતાનું સામાજિક સ્થાન ગુમાવ્યા વગર બાળકોને જન્મ આપ વાની અનુમતિ મેળવે છે. લગ્નએ આદિથી આધુનિકકાળ સુધી કોઈને કોઈ પ્રકારે સ્ત્રી-પુરુષનાં સંબંધોને નિયંત્રિત કરતું આવ્યું છે. હિંદુ ધર્મમાં લગ્નને પવિત્ર સંસ્કાર ગણવા, માનવામાં આવે છે.

આ વિજ્ઞાનના યુગમાં લોકોનું સરેરાશ આયુષ્ય વધ્યું છે.પણ લગ્ન-સંસ્કારનું આયુષ્ય ઓછું થવા લાગ્યું છે.ગજા ઉપરાંતના ખર્ચ સાથે ધામધૂમથી, જોનારાને આંજી નાખે તેવા લગ્ન થાય છે, પણ સાવ નજીવા સમયમાં પત્તાના મહેલ જેમ કડડભૂસ કરતા ભાંગીને જમીનદોસ્ત થતાં વાર લાગતી નથી. ક્યાંક તો હજુ ફોટાનો આલ્બમ ન આવ્યો હોય તે પહેલા કજિયા-કંકાસને પછી છૂટાછેડાની આલબેલ વાગવા લાગે છે.

એક સમયે સ્ત્રી-પુરુષે લગ્ન સંબંધથી જોડાતા પૂર્વે એકબીજાનાં મોં પણ ન જોયાં હોય...ઘૂંઘટ ખોલે ત્યારે જ ખબર પડે, હુકમની રાણી છે કે પછી પોતે ગુલામનો બાદશાહ...પણ સુખ-દુ:ખનાં ચીલા પર સંસારનું ગાડું ગબડતું હતું. એ સારું કે ખરાબ કહેવાનો આશય નથી. અભણ હતાં. તેમાં સ્ત્રી સાવ નિરક્ષર. ગામડામાં રહેતાં હતાં. ખેતીકામ જેવી મજુરી પણ કરતા હતા. પાર વગરના પ્રશ્નોને અપાર મુશ્કેલીઓ હતી છતાંપણ છૂટાછેડા લગભગ થતા નહોતા. સહપંથનાં પ્રવાસી તરીકે મને કમને પણ જિંદગીની મુસાફરી કરતાં હતાં.

આજે વર-કન્યા લગ્નપૂર્વે એકબીજાને જુએ છે, જાણવાના પ્રયાસ સાથે અમુકતમુક શરતો પણ કરે છે. તેમાં મોબાઈલ સંપર્કતો રાત-દિવસ ચાલુ જ હોય. ક્યાંકતો વળી કોઈને કોઈ બહાને કન્યાના પણ કંકુ પગલાં કરવામાં આવતા હોય છે તે બહાને ભાવિ વર સાથે ઘરની રીતરસમથી કન્યા અવગત થાય. આ બધું સારું છે એવું માનવામાં જરાય હરકત નથી. આવું થયા પછી પણ છૂટાછેડાનું પ્રમાણ વધતું રહે છે.

દરેક સમાજમાં કન્યા શોધવાનું કપરું થવા લાગ્યું છે. બદલાતા સમય સાથે લગ્નવાંચ્છુંની અપેક્ષા ઓ વધી છે. જીવનસાથીની પસંદગીના માપદંડ બદલાયા છે. પસંદગીના પાત્ર માટે જ્ઞાતિ કે ગોળ-પરગણા પણ ગૌણ થવા લાગ્યા છે. આ બધું હોવા છતાં લગ્નજીવન ચાલશે તેની ગેરંટી આપી શકાય એવું રહ્યું નથી.

અને મોટાભાગે શિક્ષિત, નોકરી કરતા હોય તેમાં છૂટાછેડાનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. વળી છૂટાછેડા પૂર્વે એકબીજા સામે કાદવ ઉડાડવાનો, અકલ્પનીય આક્ષેપો કરવાનાને પછીથી બધું સાબિત કરવામાં અને બરબાદ થવામાં, કોર્ટ-કચેરીઓના ધક્કાએ ભલભલાને નાકે દમ આવી જાય. જિંદગીના સુવર્ણ દિવસો આ પ્રોસેસમાં પસાર થઈ જાય. પથારી કરવામાં જ સવાર પડી જાય તો પછી ઊંઘવાનું ક્યારે ! છૂટા થવાના કારણો સાચા-ખોટા જે હોય તે, પણ શાંતિથી, સમજપૂર્વક છૂટા થવાનું પ્રમાણ પણ હવે વધવું જોઈએ !

આ સમયની મોટી કરુણતા ગણી શકાય, શિક્ષણ સાથે છૂટાછેડાનું પ્રમાણ વધ્યું તે. લગ્ન કરવા, ન કરવા તે વ્યક્તિગત બાબત છે. પણ લગ્ન કર્યા પછી જે બનાવો બને છે તે સમાજ માટે હાનિકારક છે.

શિક્ષણ ને કેળવણીનો ભેદ અહીં પરખાય છે. શિક્ષિતની સાથે દીક્ષિત ઓછા થાય છે. શિક્ષણમાં ગોખણિયું જ્ઞાન મેળવે છે પણ કેળવાતા નથી. કેળવે તે કેળવણી. શાળાઓ જીવનઘડતરની પાઠશાળા હોય એવી મૂળ સંકલ્પના છે. જે છોકરો-છોકરી હોસ્ટેલ,ખાસ કરી છાત્રાલયમાં રહીને ભણ્યાં હશે તેમનાં જીવનમાં છૂટા-છેડાનું પ્રમાણ તદ્દન ઓછું હશે...કારણ કે અન્ય સાથેના સહજીવનના પાઠ શીખ્યો હોય છે. તે ઠીકઠીક કેળ વાયો હોય છે. બાંધછોડ કરવી તે તેનાં લોહીનો ગુણધર્મ બની ગયો હોય છે. દાંપત્યજીવનમાં બાંધછોડ એક બીજાને સાથે રહેવામાં અગત્યનો ભાગ ભજવે છે. હા,પાત્ર પાસે હોય પણ સાથે ન હોય એવું ઘણું બને છે. સારું છે, કજોડાંની વસતી ગણતરી થતી નથી. કોઈ સમજણું સંતાન મમ્મી અથવા પપ્પાને કહે છે: 'તમે આમની સાથે જિંદગી કેમ કાઢી !?' સામે માંદલું સ્મિત આપવા સિવાય મમ્મી કે પપ્પા પાસે કોઈ જવાબ હોતો નથી. પણ ખુદ સંતાન જ મમ્મી-પપ્પાને 'બેસ્ટ કપલ'નું બિરુદ આપી, પચાસમી વર્ષ ગાંઠ ઉજવવાની તૈયારી કરે એવા દિવસો હવે આવવા જોઈએ !

**છેલ્લે : જીવનમાં હંમેશા પત્નીને પેટભરીને પ્રેમ કરવાની અને પતિને શાંતિથી સમજવાની કોશિશ કરવી.**

# આવો જાણીએ ! આપણે કેવા પ્રકારનું ધન કમાઈએ છીએ



**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

ધન કમાવવું એ સંસારની વાણિજ્ય પ્રવૃત્તિનો અને પારિવારિક પોષણની ફરજનો એક ભાગ છે. આજે પ્રત્યેક વ્યક્તિનું મુખ્ય લક્ષ્ય ધન કમાવાનું હોય છે. સંસારની નેવું ટકાથી વધારે પ્રવૃત્તિઓ કે ઘટના પાછળનું મુખ્ય ધ્યેય ધન મેળવવાની લાલસા જ હોય છે. કલાજગત, ઉદ્યોગ જગત, રાજકીયજગત કે શિક્ષણ જગત.... સૌ કોઈ આ બધા જગતમાંથી પૈસા કમાવવા ઈચ્છે છે. આજકાલ તો શિક્ષણનો પણ વેપાર થઈ રહ્યો છે. કલા પણ વેચાઈ રહી છે. સૌન્દર્ય પણ વેચાઈ રહ્યું છે. આજે વ્યક્તિનું લક્ષ્ય માત્ર ને માત્ર પૈસો જ છે. આ પૈસો મેળવવા માટે વ્યક્તિ કાંઈ પણ કરી છૂટવા તૈયાર હોય છે. આપણે એ નથી જાણતા કે પૈસો કમાવવાના પણ કેટલાક સરકારે અને કેટલાક ઈશ્વરે નીતિ નિયમો બનાવ્યા છે. જો તમે આ બન્નેના નીતિ નિયમો પ્રમાણે પૈસો કમાઈ રહ્યા છો તો તમારે કોઈ જાતની ચિંતા કરવાની જરૂર નથી. પરંતુ આજે મોટાભાગના લોકો સરકાર અને ઈશ્વરે બનાવેલા નીતિ નિયમોની ઐસી તૈસી કરીને પોતાની તિજોરીઓ ભરી રહ્યા છે. ત્યારે જીવનમાં સમસ્યાઓ, પ્રશ્નો સર્જાય છે. આજે લોકો પૈસા માટે ઉતરી શકાય એટલા નીચે પણ ઉતરી જાય છે એવો આ સમય છે.

સૌથી પહેલા આપણે જો નીતિ - અનીતિમાં જ માનતા ન હોય તો એની સમજ કેળવવી જરૂરી છે અથવા તો જેને ઈશ્વરનો ડર જ નથી. કુદરતનો સહેજેય ડર નથી અને ગમે તે રીતે પૈસો કમાઈ લે છે તેવા લોકોએ પોતાના જ જીવનમાં ડોકિયું કરવું જોઈએ. ક્યાંક ને ક્યાંક કુદરતે તમને નાના મોટા ઝટકા આપેલા જ હોય છે. ઘણી વખત ઘણાને થતું હશે કે ધન કમાવવું એ કાંઈ પાપ નથી. એક વેપાર પ્રવૃત્તિ છે. કર્મ છે. તો એ વાત સાચી છે. પણ ધન કેવી રીતે કમાવવું એની પણ નૈતિક સમજ હોવી જરૂરી છે. અન્યથા વાલિયા લૂંટારાની કથા આપણે જાણીએ જ છીએ. જો તમે એમ માનતા હોય કે તમારી પાપની કમાણીથી તમારા સંતાનો સુખી થશે તો એ વાતમાં તથ્ય નથી. કેમ કે પાપનો પૈસો કદી સુખ કે શાંતિ આપી શકે નહીં. વ્યક્તિને, ગ્રાહકને છેતરી શકાય છે. કુદરતને નહીં. ચાણક્યનું અર્થશાસ્ત્ર કહે છે કે કોઈપણ વેપારમાં વસ્તુની કિંમત ઉપર વેપારી વીસ, પચ્ચીસ કે પચાસ ટકાનો નફો લે ત્યાં સુધી એ નીતિયુક્ત વ્યાપાર થયો કહેવાય. પણ જો તમે વસ્તુની કિંમત ઉપર સામેની વ્યક્તિની સ્થિતિ જોઈને, મજબૂરીનો લાભ લઈને મનફાવે તેટલો નફો ચડાવીને વેચો છો તો એ અનીતિનો વેપાર થયો કહેવાય. આમ તો ચાણક્યએ વેપારમાં કર ચોરીને પણ પાપ ગણાવ્યું છે. આમ છતાંય આજે મોટાભાગના લોકો આ પાપ પણ કરી રહ્યા છે.

આજે ૨૧મી સદી છે. પાપ પૂણ્યની વાતો હવે કોઈ માનતું નથી. નીતિ અનીતિ જેવું હવે કશું રહ્યું નથી. દુનિયા ખુબ આગળ વધી રહી છે અને સત્ય, પૂણ્ય, નીતિ, આદર્શ, સિદ્ધાંત, સેવા... આ બધું પાછળ છૂટી રહ્યું છે. પણ પ્રકૃતિ તો એનું કામ, એનો ન્યાય કરે જ છે. પ્રકૃતિએ એનું બેલેન્સ રાખવું જ પડે છે. જે માનવજાતનું નિર્માણ પ્રકૃતિએ કર્યું હોય અને એ જ માનવજાત એના સિદ્ધાંતોને, નીતિ નિયમોને અવગણે તો એ કેમ ચલાવી લે ? એટલે તો દર વર્ષે સુનામી, અતિવૃષ્ટિ, વાવાઝોડા, આગ, ક્યારેક ભૂકંપ કે કોરોના જેવી મહામારી આવી જાય છે અને સામૂહિક રીતે જેનો હિસાબ પુરો થયો હોય છે એને લઈ જાય છે. કેમ કે પ્રકૃતિના હિસાબમાં ક્યારેય કોઈ ભૂલ નથી હોતી. અન્યાય નથી હોતો. તમે સમાજને જે આપો છો એ જ ચીજ પ્રકૃતિ તમને બીજી રીતે ડબલ કરીને પાછી આપે છે. જો તમે કોઈને માન સન્માન આપો છો તો તમને પણ એ જ મળશે. તમે જો કોઈની મજબૂરીનો લાભ લઈને, અજ્ઞાનતાનો લાભ લઈને, વ્યક્તિની પરિસ્થિતિનો લાભ લઈને ચીજવસ્તુનો અનેક ગણો નફો ચડાવીને વેપાર કરો છો તો તમે પ્રકૃતિના ગુનેગાર તો બનો જ છો. અથવા તમે કોઈ અધિકારી છો અને જે કામ તમારી ફરજમાં આવે છે. જેનો તમને સરકાર પગાર આપે છે છતાંય જો તમે એ કામ કરવાના પૈસા લો છો તો વ્યક્તિ તો તમને રૂપિયા આપીને કામ કરાવી લેશે. પણ પ્રકૃત્તિના હિસાબી કોમ્પ્યુટરમાં તમારું નામ ભ્રષ્ટાચારી ગુનેગારોની યાદીમાં આવી જતું હોય છે. અને તમે વેપારી હોય કે ઉદ્યોગપતિ હોય કે ગમે તેટલા મોટા અધિકારી હોય એની સજા તમારે ભોગવવી જ પડે છે અને એ પણ આ જન્મમાં જ. તમે દડો જેટલી જોરથી દીવાલ ઉપર ફેંકશો એટલી જ ઝડપથી અને જોરથી એ દડો તમારી સામે જ આવે છે. બસ આવી જ કંઈક સિસ્ટમ કુદરતની છે. તમે સરકારી ગુનાથી બચવા તો વકીલ પણ કરી શકો છો. હાઈકોર્ટ કે સુપ્રિમકૉર્ટમાં જઈને પણ કરેલ ગુનાની સજા માફ કરાવી શકો છો. પણ કુદરતની કૉર્ટમાં જવા માટે મરવું જ પડે છે. જીવતા કોઈ વકીલ કે કોઈ દલીલ કામ આવતી નથી. માત્ર દંડિત જ થવું પડે છે.

પ્રકૃતિની સજા પણ અનેરી હોય છે. એ તમને ખબર પણ નહીં પડે અને સજા આપી દેશે. જો તમે કોઈના બે પાંચ લાખ ખોટી રીતે લીધા છે તો કુદરત એ બે પાંચના દસ વીસ લાખનું નુકશાન કરે જ છે. તમે કોઈને છેતરીને કોઈ પદ પર બેઠા છો કે કોઈનું દિલ દુખાવીને હસ્યા છો કે કોઈની મજબૂરીનો લાભ લઈને કમાયા છો કે કોઈનું શોષણ કરો છો. કોઈને છેતરીને તિજોરી ભરી રહ્યા છો તો તમને એમ હશે કે આ બધી બીજાને ક્યાં ખબર પડવાની છે ? પણ આપણે એ ભૂલી જઈએ છીએ કે ઉપર બ્રહ્માંડમાં કુદરતનો સૌથી મોટો સેટેલાઈટ ઉપગ્રહ ( સી.સી.ટી.વી કેમેરો ) ગોઠવાયેલો છે. જેના રડારમાં આખી પૃથ્વીના તમામ લોકો આવી જાય છે. ત્યા આપણી ઝીણીમાં ઝીણી પ્રવૃતિ – વિચાર અને કાર્ય નોંધાય છે. અને એ પ્રમાણે આપણો હિસાબ કિતાબ થાય છે. જો તમારા શરીરમાં નાના મોટા રોગ છે. જો તમારા પરિવારના લોકો માનસિક રીતે સુખી નથી. જો તમારે સતત દવાઓ ખાવી પડે છે, જો તમને રાત્રે સરખી રીતે ઉંઘ નથી આવતી, જો તમને નોકરી ધંધામાં વારે વારે સમસ્યાઓ આવે છે, જો તમારે કોઈ સાચા મિત્રો નથી, સગા સંબંધીઓ નથી, રોજેરોજ દુશ્મનો ઊભા થતા જાય છે, જો તમારે વારે વારે કૉર્ટ કચેરીના ધક્કા ખાવા પડે છે, જો તમે એકાદ બે વખત અકસ્માતથી બચી ગયા હોય તો... જો તમારા સંતાનોને ઈશ્વરે કોઈ માનસિક કે શારીરિક ખોટ આપી હોય તો...સંતાનો તમારા કહ્યામાં ના હોય, જો તમારા જીવનમાં સતત સંઘર્ષ હોય, સમસ્યાઓ હોય, દુ:ખ હોય, અશાંતિ હોય તો... તાત્કાલિક ચેતી જજો. ઈશ્વરના કોમ્પ્યુટરમાં તમારું નામ ગુનેગારોની યાદીમાં મોખરે છે. અને તમને સજા મળવી શરું થઈ ગઈ છે. તમારા જેટલા ગુના હશે તેટલી જ તમારી સજા હશે. અને શક્ય છે આ સજા તમારી સાથે તમારા સંતાનોને કે પરિવારના કોઈ સદસ્યને પણ ભોગવવી પડે.

(અનુસંધાન પાના નં. ૭ પર)

# લાઈવ ઓડિયો રૂમ્સ : બોલો...સાંભળો... મજા કરો...!



**રઝળપાટ**

અજય ઉપાધ્યાય

કોરોનાએ માનવજીવનમા જો કોઈ સૌથી મોટો ફેરફાર કર્યો હોય તો એ છે લગભગ દરેક રોજીંદી ક્રિયાઓનું ઓનલાઈનીકરણ...! જી હા... ભણવું...મળવું...વાતો કરવી....વેપાર કરવો...મનોરંજન....થી લઈને કોઈ એવી ચીજ બાકી નથી રહી કે જેનો ઓનલાઈન જુગાડ ના શોધાયો હોય. આમેય મનુષ્ય સામાજિક પ્રાણી છે અને સમાજ સાથે રહ્યા વગર એનું જીવન નકામું છે એવામાં આ ઓનલાઈન અનુભવો મનુષ્યને સમાજ સાથે જોડી રાખે છે, પછી ચાહે એ શિક્ષા હોય વેપાર હોય પ્રસંગ હોય કે નોકરી હોય..!!! ઝૂમ પરની મિટિંગો હોય કે વોટ્સઅપના ગ્રૂપ વિડીયો કે ઓડીયો કોલ્સ આપણે ધીરે ધીરે આના આદી થતાં જઈએ છીએ. આમેય શું છે કે સોશિયલ ડિસ્ટન્સને લીધે વન - ટુ - વન મુલાકાતો તો લગભગ બંધ છે એવામાં સમાજ સાથે કનેક્ટ રહેવામાં આ બધી ઓનલાઈન સગવડતાઓ વધુ લોકપ્રિય અને વ્યાપક બનતી જાય છે. જે ઝડપથી દુનિયામાં ટેક્નોલૉજી શોધતી જાય છે એટલી જ ઝડપથી એમાં નવા નવા સુધારાઓ આવી રહ્યા છે. વિડીયો ચેટ તો પોપ્યુલર છે જ પણ એની એક મર્યાદા છે અને બીજું કે એમાં પ્રાઈવસીનો પ્રોબ્લેમ તો છે જ એવામાં દુનિયા...આઈ મીન વર્ચ્યુલ દુનિયા એક નવા રસ્તા તરફ બહુ ઝડપથી વળી રહી છે અને એ છે લાઈવ ઓડિયો ચેટ રૂમ્સ..! અને આ સેગમેન્ટમાં એક નવા એપ્લિકેશને ખૂબ જ ટૂંકા સમયમાં લોકપ્રિયતા હાંસિલ કરી છે, જેનું નામ છે ક્લબ હાઉસ...!

હજુ તો એકાદ વર્ષથી વધુ સમય પહેલા લોન્ચ થયેલા આ એપે આજકાલ તહેલકો મચાવી દીધો છે. પોલ ડેવિસન કે જે પહેલા પીનટ્રેસ્ટમાં કામ કરતાં હતા અને ગુગલમાં કામ કરતાં રોહન શેઠે આ ઓડિયો એપ માર્ચ ૨૦૨૦ માં લોન્ચ કરી હતી પણ એ વધુ ફેમસ થયું ત્યારે કે જ્યારે ટેસ્લાના માલિક એલન મસ્કે અમેરિકન ફાયનાન્સિયલ કંપની રોબિનહૂડના સીએઓ સાથે ઓડિયો ચેટ કરી, પછી કલબ હાઉસ વધુ ચર્ચામાં આવ્યું. તમને યાદ હોય તો બંગાળ ચૂંટણી વખતે મમતાના સલાહકાર પ્રશાંત કિશોરની ઓડિયો ચેટ લીક થયેલી. એ કલબ હાઉસ પર થયેલી એક ઓડિયો ચેટ જ હતી. આ પ્રકરણ પછીથી ભારતમાં પણ કલબ હાઉસ વધુ ચર્ચામાં આવ્યું. એની લોકપ્રિયતાનો ખ્યાલ એ વાત પરથી આવશે કે ૨૦૨૦માં જેના માંડ ૧૫૦૦ યુઝર્સ હતા એ આજે કરોડો યુઝર્સ સાથે લોકપ્રિય બની ચૂક્યું છે. આજે ક્લબ હાઉસની માર્કેટ વેલ્યૂ લગભગ એક અબજ ડોલર છે. ક્લબ હાઉસ એક સોશિયલ મીડિયા ઓડિયો એપ છે કે જેમાં જુદા જુદા વિષયો પરના રૂમ બનેલા હોય છે જેમાં બે કે બે થી વધુ લોકો કોઈ ટોપીક પર વાતો કરતાં હોય છે. તમે ક્લબ હાઉસના મેમ્બર બન્યા પછી કોઈ પણ રૂમમાં જઈ શકો છો (જોઈન થઈ શકો છો), વાતચીત સાંભળી શકો છો, ઈચ્છો તો પ્રશ્નો પૂછી શકો છો કે ખુદ એ ચર્ચામાં ભાગ લઈ શકો છો અને ના ગમે તો બિલ્લી પગલે (leave silently) એ રૂમમાથી નીકળી પણ શકો છો. જો કે ચર્ચામાં ભાગ લેવાની મંજૂરી તે રૂમના એડમીન પર આધારિત રહેવાની. હા કલબ હાઉસ જોઈન કરવા માટે તમારે અગાઉથી મેમ્બર રહેલા કોઈની એપ્રુવલ કે આમંત્રણ જરૂરી છે. મજાની વાત તો એ છે કે ચીનમાં આની એટલી લોકપ્રિયતા છે કે એના ઈનવાઈટ કોડ સાઈટો પર વેચાય છે...!!!

સોશિયલ નેટવર્કિંગમા ઘણા બધા જુદા જુદા એપ્સ વેલેબલ છે. લાઈવ ઓડિયો ચેટ રૂમ પણ આવી જ એક એપ છે કે જે તમને તમારા કામકાજને ડિસ્ટરબ કર્યા વગર પણ તમારા રસના વિષયોવાળા વાર્તાલાપ સાથે જોડાયેલ રાખે છે. ટેક્નોલૉજી અને ખાસ તો મોબાઈલ એપ ટેક્નોલૉજી ખૂબ જ પ્રગતિ કરી રહેલ છે એવામાં લોકોને જે ગમે એ એપ હાજર છે ત્યારે કલબ હાઉસ જેવા માત્ર ઓડિયો એપ્સ પોપ્યુલર થઈ રહ્યા છે. જેમ દરેક લોકપ્રિય એપની સાથે બને છે એમ જ કલબ હાઉસની અચાનક સફળતાની સાથે સાથે જ સોશિયલ મીડિયામાં આવા લાઈવ ઓડિયો એપ્સની ભરમાર શરૂ થઈ ગઈ છે. ફેસબુકે પણ પોતાની લાઈવ ઓડિયો સર્વિસ લોન્ચ કરી દીધી છે, જો કે હાલ માત્ર અમેરીકામાં જ અને આઈઓએસ ડિવાઈસ એટ્લે કે એપલના ફોન પર જ ઉપલબ્ધ આ સર્વિસ બહુ જલ્દી દુનિયાભરના ફેસબુક યુઝર્સ માટે અવેલેબલ થઈ જવાની છે. અત્યારે માત્ર જાણીતા અમુક જ લોકોને અને ચુનંદા ફેસબુક ગૃપ્સને જ આ સુવિધાનો લાભ મળે છે. ફેસબુકની આ લાઈવ ઓડિયો સર્વિસમાં કલબ હાઉસથી વિપરીત કોઈપણ રૂમમાં માત્ર ૫૦ લોકોને વક્તા તરીકે મોકો મળવાનો છે, હા શ્રોતાઓની સંખ્યા અનલિમિટેડ રહેવાની. ફેસબુકની જેમ જ ઈન્ટરનેટ અગ્રણી અને સ્વીડિશ ઓડિયો સ્ટ્રીમીગ જાઈંટ સ્પોટીફાય એ પણ સ્પોટીફાઈ ગ્રીનરૂમ નામે લાઈવ ઓડિયો સેગમેન્ટ શરૂ કર્યું છે. માર્ચ ૨૧ માં સ્પોટીફાઈ એ અમેરિકન કંપની બેટી લેબ્સને ખરીદી લીધી અને એના જ એક લાઈવ સ્પોર્ટ્સ ઓડિયો ચેટ રૂમ 'લૉકર રૂમ' ને સ્પોટીફાઈ ગ્રીનરૂમમાં કન્વર્ટ કરી દીધેલ છે. આમાં ચેટ સેશન રેકોર્ડિંગને તમારા ઈમેલ પર મેળવવાની સુવિધા પણ છે સાથે સાથે તમે તમારા ગમતા રૂમનું અલગ લિસ્ટ બનાવી શકો છો તો રૂમમાં કોઈ એડલ્ટ ચર્ચા શરૂ કરતાં પહેલા એનું નોટિફિકેશન આપી શકો છો. ટ્વિટરે પણ પોતાનો ઓડિયો ચેટ રૂમ 'સ્પેસિસ' લોન્ચ કરી જ દીધો છે. ઈનસ્ટાગ્રામ પણ પોતાના ઓડિયો ચેટ સર્વિસ પર કામ કરી રહ્યું છે. એમ તો આ વિદેશી એપ્સને જવાબ આપતું આપણું પોતાનું સ્વદેશી ઓડિયો ચેટ એપ 'લહેર' પણ સારું કાઠું કાઢી રહ્યું છે. એમાં તો વિડીયો ચેટની પણ સુવિધા છે.

સોશિયલ મીડિયાના જેમ ફાયદા અને ગેરફાયદા છે એવું જ આ ઓડિયો ચેટ રૂમ્સ માટે પણ છે. ફાયદામાં તો તમે સૌપ્રથમ તો તમારા રસના વિષયો વિષે વાત કરી શકો છો, એના નિષ્ણાતોને સાંભળી શકો છો. સમાન શોખવાળા લોકો સાથે કનેક્શન બનાવી શકો છો અને બીજું કે માત્ર ઓડિયો એપ હોવાથી તમારી પ્રાઈવસીને બહુ ખતરો નથી. વિશ્વભરની મોટી મોટી હસ્તીઓ કે જેમના વિચારો અને વાતો બહુ આસાનીથી અને એ પણ લાઈવ સાંભળી શકાય છે. કલબ હાઉસ પર હવે બહુ જલ્દીથી તમે મેસેજીસ સુવિધા પણ મેળવી શકવાના છો જેનાથી તમે કોઈ સાથે વન ટુ વન ચેટ કરી શકશો. તો સામે છેડે જેમ જેમ આવા ઓડિયો એપ્સ વધુ લોકપ્રિય થતાં જશે એમ એમ યુઝર્સની સંખ્યા વધતી જવાની અને સાથે સાથે ઓડિયો રૂમ્સની પણ, એવામાં પસંદગીનો રૂમ શોધવો મુશ્કેલ થઈ પડે. વધુ યુઝર્સને લીધે તમારા સવાલનો જવાબ મેળવવામાં કે તમારે પોતાને કશુક કહેવામા ઘણો સમય લાગી શકે છે. જે પોતાની વાત કહે છે એ કેટલી સાચી છે એનો કોઈ અંદાજો લગાવી નહીં શકાય કેમકે આપણે એ વ્યક્તિને પર્સનલિ તો ઓળખતા નથી. અભદ્ર ભાષા માટે અત્યારે કોઈ વ્યવસ્થા નથી સિવાય કે બ્લોકિંગ. બીજા બધા સોશિયલ મીડિયાની જેમ જ આનો ઉપયોગ પણ વ્યક્તિગત અક્કલ મુજબ જ કરવો રહ્યો નહિતર આનો મૂળ ઉદેશ્ય કશુક જાણવું અને જણાવવું થી ભટકીને માત્ર ટાઈમ પાસ બાજુ જ વળી જવાનો. છતાપણ સંપૂર્ણ ફોક્સ થઈને અને જે સાંભળવું છે એના પર જ કોંસંટ્રેટ કરીને પણ આનો લાભ ઉઠાવવા જેવો તો ખરો જ કેમ કે બીજા બધા એપ્સની જેમ આમાં પણ સાવધાની રાખીને ઉપયોગ કરો તો દુનિયાભરનું ઘણું જાણવા તો મળશે જ.